SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website :www.spuvvn.edu Phone : 91-02692- 226807

એકેડેમિક વિભાગ

# પરિપત્ર

**વિષય : LLB અભ્યાસક્રમના પ્રવેશ અંગે વિદ્યાર્થીઓ તથા કોલેજો માટે અગત્યની સૂચના**
**સંદર્ભ : યુનિવર્સિટી પરિપત્ર નં. ડી/ઈ/૧૦/૩૦૫૦, તારીખઃ ૨૦/૦૮/૨૦૨૪**

LLB **અભ્યાસક્રમ** પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ તથા સંલગ્ન કોલેજો (BCI દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવેશ અંગેની મંજૂરી આપેલ હોય તેવી કોલેજો) ને જણાવવાનું કે LLB **અભ્યાસક્રમના પ્રવેશ માટે રજીસ્ટ્રેશન અને ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૦૯/૦૯/૨૦૨૪ છે.** LLB અભ્યાસક્રમના પ્રવેશ માટે હવે પછીની પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| ૧૦/૦૯/૨૦૨૪ | GCAS દ્વારા ભરાયેલ ફોર્મનો ડેટા ટ્રાન્સફર કરવામાં આવશે. |
| ૧૦/૦૯/૨૦૨૪ થી ૧૨/૦૯/૨૦૨૪ | કોલેજ દ્વારા GCAS તરફથી મળેલ ડેટાને આધારે કોલેજની ઈન્ટેક મુજબ મેરીટ લીસ્ટ તૈયાર કરી કોલેજ વેબસાઇટ પર જાહેર કરવાનું રહેશે તથા તેની એક નકલ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહશે. |
| | મેરીટ લીસ્ટ તૈયાર કરી કોલેજે જે વિદ્યાર્થીઓને મેરીટ અને સીટ મેટ્રીક્સ મુજબ પ્રવેશ મળવાપાત્ર હોય તેવા વિદ્યાર્થીઓને GCAS પોર્ટલ દ્વારા ઓફર લેટર ઇશ્યુ કરવાના રહેશે. |
| ૧૩/૦૯/૨૦૨૪ થી ૧૭/૦૯/૨૦૨૪ | વિદ્યાર્થીએ પોતાને મળેલ ઓફર લેટરને આધારે જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તેને GCAS પોર્ટલ પર કન્ફર્મ કરી જે તે કોલેજમાં તમામ અસલ તથા ઝેરોક્ષ દસ્તાવેજો સહિત રૂબરૂ ચકાસણી કરાવી પ્રવેશ મેળવવાનો રહેશે અને કોલેજની જરૂરી ફી ભરવાની રહેશે. |
| | કોલેજે ઓફર લેટરના આધારે જે વિદ્યાર્થી તેઓની કોલેજમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ GCAS પોર્ટલ પર પ્રવેશ અચૂક કન્ફર્મ કરવાનો રહેશે. |
| ૧૮/૦૯/૨૦૨૪ | પ્રથમ રાઉન્ડના અંતે ખાલી રહેતી સીટોની માહિતી કોલેજે પોતાની વેબસાઇટ પર જાહેર કરવાની રહેશે. |

નોંધ :
૧. BCI દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવેશ ફાળવવા અંગેની મંજૂરી મળેલ હોય તેવી જ કોલેજોમાં વિદ્યાર્થીઓને LLB અભ્યાસક્રમમાં પ્રવેશ ફાળવવામાં આવશે.
૨. યુનિવર્સિટી દ્વારા કોઇ ઈસ્ટીટ્યુટ/કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહીં.
૩. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.
૪. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/ઈ/૧૦/૩૫૮૧
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૯/૯/૨૦૨૪

કુલસચિવ

નકલ રવાનાઃ
૧. આચાર્યશ્રી, LLB અભ્યાસક્રમ ચલાવતી તમામ સંલગ્ન કોલેજો તરફ
૨. કા. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ યુનિવર્સિટી વેબસાઇટ પર અપલોડ કરવા તથા આગળની કાર્યવાહી સારૂ.